*(કલાપીનું કાવ્ય **"તે પંખીની ઉપર પથરો"** યાદ કરી, કલ્પના કરો કે કોઈ મુસાફર-પંથીઃ, કોઈ ફ્લેટ પાસેથી પસાર થાય છે અને ત્રીજે માળથી ફેંકાયેલો કચરો એના પર આવી પડે છે...હવે **નીર્મીશ**નું પ્રતિકાવ્ય માણોઃ)*

## ફ્લેટને ત્રીજે માળેથી...

તે પંથીની ઉપર કચરો ફેંકતાં ફેંકી દીધો,
નીચે આવ્યો તન ઉપર ને તુર્ત ફેલાઈ જાતાં;
પેલો પંથી તરફડી રહ્યો શ્વાસ રુંધાઈ જાતાં.

"શું છે.. શું છે?" અચરજ થતાં ત્યાં વળ્યું એક ટોળું,
છાંટ્યું કોકે તરત જળ ને ઉઘડ્યો સહેજ ચહેરો.
(ગેલેરીથી ઘટઘટ પીતો દ્દશ્ય હું ભવ્યતાનું)

ઉઠ્યો એ હા..કડક-હલકી ગાળ દેવા ફરીને!
નાઠો હું તો ઘર મહીં, ડરી ઈચ્છતો ઉડવાને!
(નીચે પેલો કર ઘસી રહ્યો, ઈચ્છતો ઝુડવાને!)

ના પાડી મેં પથ તરફ કૈં ફેંકવા શ્રીમતીને.
હે પંથીડા! સુખથી ફરજો ફ્લેટ પાસે ફરીથી!
રે રે શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળેય આવે?

આવે તોયે છતરી લઈને, બ્હાર કાઢે ન માથું,
કાઢે ક્યાંથી? સ્મરણ નડશે ક્રુર આ હસ્તનું ત્યાં!
લાગ્યા ઘાને વીસરી શકવા કોઈ સામર્થ્ય ક્યાં છે?

**નીર્મીશ ઠાકર, -સુરત**
(લાઘવ ક્યાંય નથી રે કવનમાં)
-૧૭ ઑગસ્ટ, ૨૦૦૩ના"સમકાલીન" દૈનીકમાંથી સાભાર-
-કલાપી ફોન્ટમાં પુનર્લેખનઃ ઑગસ્ટ ૧૪, ૨૦૦૫
uttamgajjar@hotmail.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com